**૨૦૨૫-૨૬**

**આ.વિ.પે.યો.**

સને ૨૦૨૫-૨૬ ના વર્ષ માટેની વહીવટી મંજૂરી બાબત.

વન સંશોધન યોજના (૯૬-૨૪૦૬), વિભાગ-૧(નવી બાબત)

ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ

ઠરાવ ક્રમાંક: FED/WRT/e-file/6/2024/3163/M

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: E Sign મુજબ

**વંચાણે લીધા :-**

(૧) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક, નાણાકીય વ્યવસ્થાપન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૨૯/૦૩/૨૦૨૫નો પત્ર ક્રમાંક: PCCFO/BGT/e-file/129/2025/1570/Financial Management and Planning

**ઠરાવ**

સને ૨૦૨૫-૨૬ ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં વન સંશોધન યોજના (૯૬-૨૪૦૬-૦૧-૭૯૬-૦૩) અંતર્ગત અખિલ ભારતીય વન રમત-ગમત સ્પર્ધા માટે વિભાગ-૧, નવી બાબત માટે રૂ.૧.૫૦ કરોડ (અંકે રૂપિયા એક કરોડ પચ્ચાસ લાખ પુરા) ની જોગવાઇ કરવામાં આવી છે. જેનો ખર્ચ કરવા માટે યોજનાકીય વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધા ક્રમાંક-(૧) થી કરવામાં આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

**૨.** પ્રસ્તુત બાબતમાં વિચારણાને અંતે, વંચાણે લીધા ક્રમાંક-(૧) થી દરખાસ્ત કર્યા મુજબ સદર યોજના હેઠળના નવી બાબતના કામો હાથ ધરવા માટે થનાર ખર્ચ સારૂ નીચે જણાવેલ શરતોને આધીન સને ૨૦૨૫-૨૬ના સમગ્ર વર્ષ માટે રૂ.૧.૫૦ કરોડ (અંકે રૂપિયા એક કરોડ પચ્ચાસ લાખ પુરા) ના ખર્ચની નીચે દર્શાવેલ વિગતે આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| અ. નં. | કામગીરીની વિગત | રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨ | ૫ |
| ૧ | અખિલ ભારતીય વન રમત-ગમત સ્પર્ધા માટે | ૧.૨૦ |
| ૨ | ઝોન લેવલની સિલેક્શન કામગીરી માટે | ૦.૩૦ |
| | કુલ | **૧.૫૦** |

૩. આ અંગે હાથ ધરાનાર કામો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

**(ક) અખિલ ભારતીય વન રમત-ગમત સ્પર્ધા માટે**

| અ.નં. | વિગત | અંદાજીત સંખ્યા | દર (રૂપિયામાં) | અંદાજીત રકમ (કરોડમાં) |
|---|---|---|---|---|
| ૧ | **રાજ્યકક્ષાના સીલેક્શન કામગીરી ખર્ચ** | | | |
| | ઈન્ડોર/આઉટડોર સ્ટેડીયમની ૨ દિવસની ફી | | | ૦.૦૦૬૦ |
| | નિયુક્ત કરવામાં આવેલ કોચની ફી | | | ૦.૦૦૨૦ |
| | ચા-નાસ્તો, જમવાનો ખર્ચ ૨ દિવસ લેખે | ૫૦૦ | ૬૦૦/- | ૦.૦૬૦૦ |
| | ખેલાડીઓને રમત-ગમત સ્થળ સુધીના આવન-જાવનનો ખર્ચ | | | ૦.૦૦૨૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | મેડીકલ કીટ તથા અન્ય ખર્ચ | | | ૦.૦૦૫૦ |
| | **કુલ** | | | **૦.૦૭૫૦** |
| ૨ | **કન્ડીશનીંગ કેમ્પ અંતર્ગત થનાર ખર્ચની વિગત** | | | |
| | ઈન્ડોર/આઉટડોર સ્ટેડીયમની ૨ અઠવાડિયાની ફી | | | ૦.૦૫૦૦ |
| | નિયુક્ત કરવામા આવેલ કોચની ફી | | | ૦.૦૧૫૦ |
| | ચા-નાસ્તો, જમવાનો ખર્ચ ૨૦ દિવસ લેખે | ૧૫૦ | ૬૦૦/- | ૦.૧૮૦૦ |
| | ખેલાડીઓને રમત-ગમત સ્થળ સુધીના આવન-જાવનનો ખર્ચ | | | ૦.૦૧૦૦ |
| | મેડીકલ કીટ તથા અન્ય ખર્ચ | | | ૦.૦૩૦૦ |
| | **કુલ** | | | **૦.૨૮૫૦** |
| ૩ | રમત-ગમતની કીટ | ૧૫૦ | ૩૦,૦૦૦/- | ૦.૪૫૦૦ |
| ૪ | આયોજીત રાજ્ય ખાતે ચુકવવાની થતી ખેલાડીઓની ફી | ૧૫૦ | ૧૭,૫૦૦/- | ૦.૨૬૨૫ |
| ૫ | અન્ય સંસાધનો / પરચુરણ ખર્ચ | | | ૦.૧૨૭૫ |
| | **(૧+૨+૩+૪+૫) એકંદરે કુલ** | | | **૧.૨૦૦૦** |

**(ખ) ઝોન લેવલની સિલેક્શન કામગીરી માટે**

| અ.નં. | વિગત | અંદાજીત સંખ્યા | દર (રૂપિયામાં) | અંદાજીત રકમ (કરોડમાં) |
|---|---|---|---|---|
| ૧ | ઝોન લેવલની સીલેક્શન કામગીરી ખર્ચ (૪ ઝોન પ્રમાણે) | | | |
| | ઈન્ડોર/આઉટડોર સ્ટેડીયમની ૨ થી ૩ દિવસની ફી | | | ૦.૦૪૦૦ |
| | નિયુક્ત કરવામાં આવેલ કોચની ફી | | | ૦.૦૧૦૦ |
| | ચા-નાસ્તો, જમવાનો ખર્ચ ૨ દિવસ લેખે | ૫૦૦ | ૬૦૦/- | ૦.૧૨૦૦ |
| | ખેલાડીઓને રમત-ગમત સ્થળ સુધીના આવન-જાવનનો ખર્ચ | | | ૦.૦૧૦૦ |
| | મેડીકલ કીટ તથા અન્ય ખર્ચ | | | ૦.૦૪૦૦ |
| | અન્ય સસાધનો / પરચુરણ ખર્ચ | | | ૦.૦૮૦૦ |
| | **કુલ** | | | **૦.૩૦૦૦** |

**૪.** આ યોજનાને નીચેની શરતો મુજબ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

1. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
2. આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
3. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
4. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
6. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
7. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
8. રમત-ગમત માટે ખરીદેલ કીટોની યોગ્ય જાળવણીની વ્યવસ્થા કરવાની રહેશે.
9. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી અ.મુ.વ.સં.શ્રીએ રાખવાની રહેશે.
10. પારદર્શક પ્રક્રિયા અનુસરીને રમતવીરની પસંદગી કરવાની રહેશે.
11. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.
12. જરૂર જણાય ત્યાં યોગ્ય નિયત થયેલ ટેન્ડર પ્રક્રીયાનું પાલન કરવાનું રહેશે.
13. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
14. કામગીરી/હાથ ધરાનાર પ્રવૃતિઓની રૂપરેખા તૈયાર કરી વિભાગ કક્ષાએ મંજૂરી મેળવી કાર્યવાહી કરવાની રહેશે.
15. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
16. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
17. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

18. પ્રવર્તમાન યોજનાના નોમ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
19. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
20. આ યોજના અંતર્ગત કરવાની થતી કામગીરીમાં વિભાગની અન્ય યોજના સાથે ડુપ્લીકેશન ન થાય તેની તકેદારી અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને સંબંધિત અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીએ રાખવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને આધીન ઉધારીને સને ૨૦૨૫-૨૬ ના વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૯૬ |
| સેક્ટર | : | (ગ) આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર | : | (ક) કૃષિ અને સલગ્ન પ્રવૃત્તિઓ |
| મુખ્ય સદર | : | ૨૪૦૬ – વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન |
| પેટા મુખ્ય સદર | : | ૦૧- વન નિર્માણ |
| ગૌણ સદર | : | ૭૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના |
| પેટા સદર | : | (૦૩) FST-15 વન સશોધન |

૬. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણા વિભાગની તા.૦૮/૦૪/૨૦૨૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હિમાંશુ ગોહિલ)

ઉપ સચિવ

વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને HoFF, અરણ્યભવન, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સંશોધન અને તાલીમ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, નાણાકીય વ્યવસ્થાપન, અરણ્યભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(વન), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગ- બજેટ શાખા.
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ – વિભાગની વેબસાઇટપર મૂકવા સારુ.

Signature Not Verified

Signed by:Himanshu Gohil
Under Secretary
Date:2025.04.16
18:06:04 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign